ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

છે પાળેલાં પંખી એના જ ઈશારે જાગી જાય છે !
પૂરાઈ જાય, એમના જ ઈશારે કે ભાગી જાય છે!
બાગી જાય કે થાય ત્યાગી સંત એમના ઈશારે -
માલ્યા હોય કે નિરવ એણને પગે લાગી જાય છે !!
(પ્રત્યાર્પણનું પોકળ...)

### હાઈકુ

બનાવો જેલ -
કૌભાંડી કેદી માટે
'પંચતારક'
(એમની શિનાજોરી તો જૂઓ!!)

જાતે જ આપે !!
નાળિયેર - સાકર
કલીનચીટનાં...
(હેમખેમ વિદાય કરે)

### ચિંતન

એકોદેવ: સર્વભૂતેષુ ગુઢ: સર્વવ્યાપી સર્વભૂતાન્તરાત્મા ।
આનન્દો બ્રહ્મેતિ વ્યજાનાત્ ॥

ઉપરોક્ત શ્લોક શ્વેતોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

સમસ્ત પ્રાણીઓમાં સ્થિત એક દેવ છે, જે સર્વવ્યાપક છે અને સમસ્ત ભૂતોનો અંતરાત્મા છે. આનંદ બ્રહ્મ છે. એમ જાણવું.

કહેવાનો ભાવાર્થ એ છે કે બ્રહ્મ હૃદયમાં રહેવું જ છે ત્યારે જીવે દીન-દુઃખી ન હોવું જોઈએ. બ્રહ્મ સત્, ચિત્ અને આનંદ એમ ત્રણ નથી, એક જ છે. જેમ અગ્નિનમાં ઉષ્ણતા, જ્વાળા અને પ્રકાશ હોવા છતાં તે એક જ છે.

પરમાત્મા આપણા સર્વનો અંતરાત્મા છે. એ આનંદમાં રહે તો પરમાત્મા પણ પ્રસન્ન રહે. સત્સંગ - સદાચાર અને ભક્તિમય વાતાવરણથી આત્મા આનંદમય રહે છે આથી પરમાત્મા પ્રસન્ન રહે.

### સુવિચાર

- તમે ધતૂરો વાવો તો ધતૂરો જ ઊગે, બાજરો નહિ - **જૂની ગુજરાતી કહેવત**
- હું લડ્યા વિના મારી જાતને ઘરડી નહીં થવા દઉં - **ચાર્લ્સ હેસ્ટન**
- જો તમે તમારા પગ ઉપર ઊભા નહિ થાઓ તો પછી તમારા જેવા હીન પુરુષો પર ભલાઈ કોણ કરશે? - **રામેશ્વર અરુણ**
- ભયથી ઉત્પન્ન મૌન પશુતા છે, અને સંયમથી ઉત્પન્ન મૌન સાધુતા છે - **હરિભાઈ ઉપાધ્યાય**
- વિદ્યારૂપી રત્નની કિંમત બુદ્ધિમાન માનવી જ કરી શકે છે, મૂર્ખથી તે થઈ શકતી નથી - **જયશંકર પ્રસાદ**
- વિદ્વાન સન્માન ને વિષ જેવું ગણી તેનાથી દૂર જ રહે છે - **મનુસ્મૃતિ**
- આજનું ઔષધ : બહેનોને વધુ પડતા માસિકસ્ત્રાવ થતો હોય તેમણે ઠંડા પાણી વડે સ્નાન કરવું નહીં

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જગતની બધી કલાઓમાં શ્રેષ્ઠ છે બીજાના હૃદયને સ્પર્શી જવું.ગુરુએ શિષ્યને ગામમાં ભિક્ષા લઈ આવવા મોકલ્યા. શિષ્ય ઘરે ઘરે ફર્યા પણ કંઈ મળ્યું નથી. છેલ્લે એક ઝૂંપડી દેખાઈ. જેમા એક ડોશી હતી. ડોશીએ કહ્યું, 'મારે તમને ઓસામણ આપવું નથી.' શિષ્યએ રકઝક કરી પણ ડોશી ચોખાનું ઓસામણ અને સાથે મિઠાઈ આપવા રાજી હતા. પણ શિષ્યએ ફક્ત ઓસામણ લેવાની જીદ કરી. શિષ્યે ગુરુને કહ્યું, 'ડોશી ઓસામણ એકલું આપવાની ના પાડે છે અને તર્ક એવો બતાવે છે કે ભિક્ષામાં જેવું હું તમને આવીશ એવું જ હું પામીશ. ઓસામણ આપીશ તો મને ભવિષ્યમાં એવું જ કંઈક પરત મળશે. તમે મિઠાઈ લઈ જાવ, અને મારા જીવનમાં મિઠાશ ભરો. અને આ ઓસામણ પીવાલાયક નથી. તમે સ્વચ્છ પાણી અને મીઠાઈ લઈ જાવ. અને હું તમને ખાલી હાથ મોકલવા નથી માંગતી.' શિષ્યની વાત સાંભળી ગુરુ શિષ્યને લઈ ડોશીના ઘરે ગયા. ગુરુએ કહ્યું, 'મા, અમને ફક્ત ઓસમાણ જ જોઈએ છે.' ડોશીએ મિઠાઈ આપવાનો આગ્રહ ચાલુ રાખ્યો ત્યારે ગુરુએ કહ્યું, 'માજી, તમારા ઘરમાં ગાય છે ? ગાયને તમે શું ખવડાવો છો ?' માજીએ કહ્યું, 'હા, મારી પાસે ગાય છે, અમે તેને લીધું ઘાસ ખવડાવીએ છીએ.' ગુરુએ કહ્યું, 'તો ગાય તમને શું આપે છે ?' ડોશીએ કહ્યું, 'દૂધ' ગુરુએ કહ્યું, 'તો તમે જેવું ગાયને આપો છો એવું તમને કયાં મળે છે ?' ગાયને ઘાસ આપો છો અને તમને ગાય દૂધ આપે છે.' ડોશીને ગુરુની વાત સમજાઈ અને તરત જ બધું ઓસામણ ગુરુના કટોરામાં ખાલી કરી દીધું.'

# ઈમરાન માટે સીધાં ચઢાણ

**તંત્રીસ્થાનેથી...**

પાડોશી રાષ્ટ્રને પહેલી જ વાર એક ઝિંદાદિલ રમતવીર એના વડાપ્રધાન તરીકે પ્રાપ્ત થઈ રહ્યા છે. ઈમરાન ખાન વિશ્વકક્ષાના ક્રિકેટર તરીકે સ્થાપિત થયા પછી માનભેર રમતક્ષેત્રમાંથી નિવૃત્ત થઈ પોતાની માતૃભૂમિની સેવાના શુભ સંકલ્પ સાથે રાજકીય પક્ષ બનાવી રાજકારણમાં જોડાયા હતા. એમણે પોતાનો અલગ રાજકીય પક્ષ સ્થાપ્યા ત્યારે તેઓ આટલી લાંબી ઈનિંગ્સ રાજકારણની પીચ પર રમશે અને એમાં આંખરે સફળ નીવડી સત્તાના સિંહાસન સુધી પહોંચશે એવી ભાગ્યે જ કોઈને કલ્પના સુધ્ધાં આવી હસે. આપણા ક્રિકેટરો તો કરોડોની સેલેબલ આઈટમો બની ગયા છે. પાક ક્રિકેટ ટીમને ચેમ્પિયનશિપ ઉપલબ્ધ કરાવનારા ઈમરાન આપણા દેશના ક્રિકેટરોથી જુદા એ મુદ્દે પડે છે કે તેઓને પોતાના દેશની સામાન્ય જનતાની સમસ્યાઓનો પૂરો અંદાજ છે. તેઓ જાણતા હતા કે ભારતીય ઉપખંડમાંથી અલગ થયેલ નવા રાષ્ટ્રનું નામ ભલે 'પાકિસ્તાન' રખાતું હતું પરંતુ શરૂથી જ એને નાપાક શાસકો સાંપડતા રહ્યા હતા અને સવિશેષ અંગ્રેજોના જમાનામાં મસમોટી જમીનજાગીરો ધરાવતા બે પરિવારો જ વારાફરતી રાજગાદી ભોગવતા રહ્યા હતા. જૂનાગઢના નવાબ તો અલ્લાનું પારેવું હતા. એમને ભોળવીને પાકિસ્તાન સાથે જોડાણ કરવા તૈયાર કરનાર એમના દીવાનને કારણે તેઓને રાત લઈને નાસવું પડ્યું હતું અને તે પછી નવાબ તો ખોવાઈ ગયા હતા પણ દીવાન પરિવારે સિંધના જાગીરદાર તરીકે સ્થાનિક રાજકારણમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું હતું. આ દીવાન ફેમિલીમાંથી પાકિસ્તાનને ઝુલ્ફીકાર અલી ભુટ્ટો અને બેનઝીર ભુટ્ટો જેવી બાપદીકરીની જોડી મળી. બેઉએ પાકિસ્તાનની ધુરા સંભાળી અને ઝુલ્ફીકાર અલી ભુટ્ટો જેવા સોહામણા નેતાને તો એમના પછીના મિલિટરી શાસકે ફાંસીના માંચડે ચડાવી દીધા! પાકિસ્તાનનું નર્વ સેન્ટર તો હરહંમેશ પંજાબ જ રહ્યું છે. પંજાબ જેને ધારે એને ઊંચકીને સત્તા સ્થાને બેસાડે છે અને ધારે તેને પછાડે છે. નવાઝ શરીફ પંજાબના ધનકુબેર જાગીરદાર તરીકે એમની આગવી પાર્ટી બનાવી રાજકારણના મેદાનમાં ઊતર્યા, વારંવાર ટોચના પદ પર પહોંચ્યા પણ ટકી ન શક્યા. અગાઉ એમને વાજપેયી સાથે અને છેલ્લે મોદી સાથે મધુર સંબંધો હતા. પરંતુ અગાઉ મુશર્રફ એમને ગાદી પરથી ગબડાવ્યા હતા અને આ વખતે આર્મીના દબાણ હેઠળ સુપ્રીમ કોર્ટે બરતરફ કરી જેલ ભેગા કર્યા છે. આર્મીનું વર્ચસ્વ પાક રાજકારણમાં શરૂથી જ રહેતું આવ્યું છે. જનરલ અયુબ ખાન, જનરલ ટિક્કાખાન, ઝિયા ઉલ હક્ક અને જનરલ મુશર્રફે પાકની બાગડોર સંભાળીને એને નિષ્ફળ લોકશાહીનું પરમેનંટ લેબલ લગાવી દીધું છે. આવા સંજોગોમાં પાકિસ્તાન તહેરીકે ઈન્સાફ જેવી ત્રીજી પાર્ટીના સર્વેસર્વા અને ભૂતપૂર્વ ક્રિકેટર ઈમરાનખાન જયારે દેશની કમાન સંભાળી રહ્યા છે ત્યારે એમને આર્મી અને ન્યાયતંત્રનું અત્યારે મળી રહ્યું છે તેવું જ સમર્થન સળંગ પાંચ વરસ સુધી મળતું રહેશે કે કેમ તે એક કોયડો છે. ઈમરાનની દાનત સાફ છે. પરંતુ પાકિસ્તાન આખરે પાકિસ્તાન છે! ઈમરાનખાન છેલ્લા માનવી સુધી સરકારી લાભો પહોંચાડવા માગે છે. શુભ સંકલ્પ સાથે જુમ્માની નવાજ પઢીને ગાદીનશીન થયેલ ક્રિકેટના આ સુલતાન રાતોરાત બગડેલી બાજી સુધારી શકશે, એવું માની લેવાની જરૂર નથી. પરંતુ સાત સાત દાયકાથી ફક્ત નામની લોકશાહી બની રહેનાર પાકિસ્તાનની જે રાજકીય તાસીર અને તસવીર ઊપસી છે, એને ઈમરાન ચમકાવી શકશે ખરા ? આખરે એમની હવે પછીની પ્રવૃત્તિ પાડોશી ભારથ સાથે મીઠા સંબંધો કેળવી આંતરરાષ્ટ્રીય સ્તરે ધૂંધળી બની ચૂકેલી પાકિસ્તાનની ઈમેજ નવેસરથી ઉભારવાની હશે. આપણે એમને અંતઃકરણથી શુભકામનાઓ પાઠવીએ.

# રાજનીતી કે અપરાધીકરણ લોકસભાના ૫૩૪ માંથી ૧૮૪ સાંસદો અપરાધી



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

સ્વતંત્ર ભારતમાં ૪૧૨૦ એમએલએ અને ૪૬૨ એમએસસી છે સકુલ ૪૫૮૨ વિધાયક છે પ્રતિ વિધાયકના પગાર, ભથ્થા મળીને કુલ બે લાખ જેટલો ખર્ચ થાય છે. અર્થાત ૯૧ કરોડ લાખ રૂપિયા પ્રતિ માસ આ હિસાબથી પ્રતિ વર્ષ ૧૧૦૦ કરોડ રૂપિયા રાજનેતા પાછળ ખર્ચાય છે. આ હિસાબમાં મંત્રીઓ પ્રધાનમંત્રી સામેલ નથી.

ભારતના લોકસભા અને રાજયસભાના કુલ ૭૭૬ સાંસદ છે. આ સાંસદોના વેતન, ભથ્થાનો પ્રતિ માસ પાંચ લાખ આપવામાં આવે છે. અર્થાત કુલ સાંસદોનો ખર્ચ પ્રતિ માસ ૩૮ કરોડ ૮૦ લાખ દર વર્ષ સાંસદોને ૪૬૫ કરોડ ૬૦ લાખ ચુકવી આપવામાં આવે છે જે ભારતના કરદાતાની આવકમાંથી ચુકવાય છે અને પરિણામે સાંસદમાં કામકાજ ખોરવાય છે.

અર્થાત ભારતના વિધાયકો અને સાંસદો પાછળ ભારત પ્રતિ વર્ષ ૧૫ અરબ ૬૫ કરોડ કરોડ ૬૦ લાખ રૂપિયા ખર્ચ કરે છે જે પાણીમાં જાય છે આ તો ફકત તેમના મુળ વેતનની વાત છે તેમના નિવાસ, મળવા પાત્ર ભથ્થા, ઈલાજ, વિદેશી પ્રવાસ તેમનો ખર્ચ આમા સામેલ નથી. આ ખર્ચા ગણીએ તો ૩૦ અબજ જેટલો વાર્ષિક થવા જાય છે.

આમા, એમની સુરક્ષાનો ખર્ચનો સમાવેશ કરીએ તો સુરક્ષા કર્મીઓના વેતન ઉપર એક વિધાયકનો બે બોડિગાર્ડ અને સ્કાઉટ એમ કુલ મળી ૭ પોલીસ કર્મીઓ તેમને સુરક્ષામાં આપવામાં આવે છે એમ પોલીસ કર્મીનો પગાર ૨૫૦૦૦ ગણતા આ ખર્ચો ૧ લાખ ૭૫ હજાર જેટલો થાય છે. જેને ૪૫૬૨ વિધાયકો સાથે જોડતા કુલ ખર્ચ ૯ અબજ ૬૨ કરોડ ૨૨ લાખ રૂપિયા પ્રતિ વર્ષ સુરક્ષાના ચુકવીએ છીએ.

આ પ્રકારે સાંસદોની સુરક્ષામાં પ્રતિ વર્ષ ૧૬૪ કરોડ રૂપિયા ખર્ચ થાય છે. જેમાં જેડ શ્રેણી પ્રાપ્ત નેતા મંત્રીઓ / પ્રધાનમંત્રીની સુરક્ષા માટે લગભગ ૧૬૦૦૦ જવાન અલગ અલગ ટ્રુપમાં તૈનાત કરવામાં આવે છે જેના ઉપર વર્ષનો કુલ ખર્ચ લગભગ ૭૭૬ કરોડ રૂપિયા આવે છે. આ રીતે સત્તાધિન નેતાઓના ૨૨ વર્ષનો ખર્ચ ૨૦ અરબ રૂપિયા ઉપર થાય છે. આ ખર્ચાઓમાં રાજયપાલ, ભૂતપૂર્વ નેતાઓ, પાર્ટીના નેતા, પાર્ટી અધ્યક્ષ, વિરોધ પક્ષના નેતા આ બધાની સુરક્ષા ખર્ચને જોડતા આ ખર્ચ ૧૦૦ લાખ ઉપરાંત થાય છે.

પ્રતિ વર્ષ ૧૦૦ અબજ રૂપિયાથી વધારે નેતા લોકો પાછળ આમ જનતાના કમાણીના નાણા ખર્ચાય છે. સરવાળે આમ જનતાને શું મળે છે? ૫૪૨ માંથી ૧૦૫ તથા ૪૦૩૨ વિધાયકોમાંથી ૨૧૦ વિધાયકો અપરાધીક રેકર્ડ રહેલો છે. ભારતની કોર્ટમાં તેમના ઉપર કેટલાક વર્ષોથી કેસોનો ભરાવો છે એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં અપીલ રીવીઝનમાં નેતા મરીના જાય ત્યાં સુધી કેસો ચાલતા રહે છે ૪૦ ટકા ઉપરના રાજનેતા જામીન ઉપર છુટેલ છે.

ભારતીય લોકતંત્રમાં અપરાધી એટલા મહત્વપૂર્ણ થઈ ગયા છે કે જેઓની પસંદગી પણ પોતાની મરજીથી કરે છે કોઈ પણ રાજનીતીક દળ આ બાત નજરઅંદાજ કરી શકે તેમ નથી પાર્ટી એમને નથી પસંદ કરતી પણ તેઓ લોકો પાર્ટી પસંદ કરી કે તેમને કઈ પાર્ટીમાંથી ચૂંટણી લડવી છે પરંતુ રાજનીતીક દળ પોતાના ફાયદા માટે અપરાધીને જોડે છે તો કયારેક અપરાધી પોતાના ફાયદા માટે રાજનીતીક દળ પસંદ કરે છે .

હાલમાં જ એડીઆર દ્વારા ૧૭ જુલાઈ ૧૯૧૭ના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રૂકાવટ નાખવાવાળા દેશભરના ૧૬૭૫ સાંસદો અને વિધાયકોનું વિશ્લેષણ કરવામાં આવેલ જેમાંથી દેશભરના ૪૮૯૬ માંથી ૪૮૫૨ સાંસદ અને વિધાયકોએ ચૂંટણી સોગંદનામાના આકલન કરતા જેમાંથી ૧૫૮૧ સાંસદ અને વિધાયકના વિરૂધ્ધમાં અપરાધીક મામલામાં કેસો પેન્ડીંગ પડેલા છે અને જામીન મુકત છે. જેમાં ૯૯૩ ના વિરૂધ્ધમાં સેસન ટ્રાયલ કેસો છે. રાજયસભામાં ૩૭ સાંસદ અને વિધયકોના અપરાધિક બેકગ્રાઉન્ડ છે જેમાં ૨૦ની વિરૂધ્ધ ગંભીર પ્રકારના ગુન્હા ચાલી રહ્યા છે. જેમાં ઉત્તર પ્રદેશના ૨૪૩ નેતાઓના વિરૂધ્ધમાં અપરાધીક મામલા પેન્ડીંગ છે. જેમાંથી ૧૦૭ ગંભીર પ્રકારના કેસોનો સમાવેશ કરવામાં આવે છે. દરેક પાર્ટીમાં આવા લોકોની ભરમાર છે શુધ્ધ ચારિત્ર્યના નેતા શોધવા ઘાસમાં સોય શોધવા બરાબર છે છતાં આમ જનતાનું પેટનું પાણી હલતું નથી ઉટલાના અપરાધી જેવા વ્યક્તિને ચૂંટી સાંસદમાં મોકલી આપે છે.

એડીઆરને ભાજપના ૧૬૭૫ સાંસદ અને વિધાયકોનો અભ્યાસ કરતા જેમાંથી ૫૨૩ ના વિરૂધ્ધમાં અપરાધીક કેસો ચાલી રહ્યા છે. ૨૬ ટકા નેતા દાગ ધરાવે છે જેમની અપરાધીક છબી છે આમ આદમીના ૨૯ ટકા નેતા અપરાધીક છે

**અનુસંધાન પાના નં ૭ પર**

# જીવનના ખરા સુખ, સંતોષ અને આનંદનો મૂળસ્ત્રોત આપણે ગુમાવી બેઠા છીએ



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

ઝાડનાં મૂળિયા દેખાવમાં તો કેટલાં સુંવાળા જણાય છે! હાથ અડાડીએ, તો ભાંગી જાય એવાં કોમળ હોય છે. છતાં એ મૂળિયામાં કેટલું બધું બળ હોય છે! પથ્થર જેવી જમીનનેય તોડીને ઊંડે ઊંડે પાણી મળે ત્યાં સુધી સોંસરા ઊતરી જાય છે. પથ્થર જેવી જમીનનેય પહોળી કરવાનું કેટલું બધું બળ જોઈતું હશે! સ્ત્રીમાં પણ આવું જ બળ છે. ઝાડનાં મૂળની જેમ એ ઘરમાં સોંસરી ઊતરી જઈને ઘરનો કબજો લઈ લે છે.

- રવિશંકર (મહારાજ) વ્યાસ

આજે આપણે જે સ્થિતિમાં છીએ, તેની સરખામણીમાં અને ભૌતિક અર્થમાં આપણા વડવાઓ 'સુખી' નહોતા. ગરીબી ત્યારે વધારે દારૂણ હતી, સમાજનો એક મોટો વર્ગ ગુલામ જેવું જીવન જીવતો હતો. સાધન-સુવિધાઓને નામે, આજની તુલનામાં, મીડું હતું. સ્ત્રીઓ-બાળકોનાં મૃત્યુ - અપમૃત્યુ દર ઘણો ઊંચો રહેતો. વહેમ-અંધશ્રદ્ધાનું સામ્રાજય છવાયેલું હતું. જીવન નર્યું પરિશ્રમી હતું. અભાવ એ જ જાણે જિંદગીનો પર્યાય હતો.

આ સર્વની સરખામણીમાં આજે આપણામાંના કેટલાક નિઃશંક રાહતભર્યું જીવન જીવીએ છીએ. પણ સાધનસમૃદ્ધિની છોળો વચ્ચેય આપણે સાચૂકલા સુખ અને નવરા સંતોષની અનુભૂતિ કેમ નથી કરતા ? આ સ્થિતિનું મૂળ આપણે અપનાવેલી કૃત્રિમ જીવનશૈલીમાં રહેવું છે, આપણે રેઢિયાળ, ધ્યેયહીન જીવન વેંઢારી રહ્યા છીએ. જીવનના ખરા સુખ, સંતોષ અને આનંદનો મૂળસ્ત્રોત જ આપણે ઘણેબધે અંશે ગુમાવી બેઠા છીએ. કુદરત અને આપણી વચ્ચે હજારો ગાઉનાં છેટાં પડતાં જાય છે. શિરીષ મહેતા લિખીત એક ચોટદાર ટકોર આ બાબતને વધુ સ્પષ્ટ રીતે સમજવામાં આપણી મદદ કરશે :

હા, હવે હદ થાય છે. પાછાં તમે કહેશો કે, કાકી બોલે છે ! પણ બોલું નહીં તો કરું શું ? ઘણુંય મનથી થાય કે બોલીને કડવી ન થાઉં. પણ મારો જીવ જ અભાગિયો, એટલે બહુ થાય ત્યારે બોલી જવાય. આ આટલા દિવસથી તું દેખાતી નહીં, એટલે મનમાં ચિંતા થયા કરે કે તબિયત તો ઠીક હશે ને ? છેવટે આજે જીવ ન રહ્યો, એટલે તણાઈને આવી, ચાર દાદરા ચડી - પણ તારે ઘેર તો તાળું !

અમેય ઘર નથી ચલાવ્યું શું ? પણ આજકાલ બધું જ નવી નવાઈનું જ છે. અમારા જમાનામાં ઘરનાં બૈરાંને ભાગ્યે જ બહાર નીકળવું પડતું. લગ્નસરા કે વારતેવાર હોય કે પછી દેવદર્શને જવું હોય ત્યારે જ બહાર નીકળતાં. પણ હવે તો જમાનો જ ફરી ગયો છે. એમાં તમે બૈરાંઓને ઘરનાં અને બહારનાં બંને કામો જાણીજોઈને તમારી ઉપર લઈ લીધાં, અને પછી તો એ તમારી ઉપર જ આવી પડ્યાં - હું તો કહું છું કે તમારા વરોએ જ એ તમારી ઉપર ઠોકી બેસાડ્યાં ! શરુઆતમાં ફક્ત હોંશને લીધે તમે બહારનું કામ માથે લીધું, પણ પછી તો એ કાયમનું થઈ ગયું ! તો બીજી બાજુ તમારા વરો આળસુ થતા જાય છે અને ખબરેય પડે છે તમને ! એમને મન તો, ભલું થયું ભાંગી જંજાળ !

અમારા જમાનામાં બૈરાંથી ઝોળી લઈને બહાર જવાનું નહોતું. જરા બનીઠનીને નીકળ્યાં કે ચંપલ પહેર્યાં, ને કોઈ જુએ તો વાતો થવામાં બાકી ન રહે. પણ હવે કયાં કાંઈ એવું રહ્યું છે ? ઉઘાડે માથે ને હાથમાં ઝોળી લેતાં આ નીકળ્યાં છે શાક લેવા ! કેડમાં છોકરું ને હાથમાં ઝોળી હોય અને બૈરાં ઊભાં હોય રેશનિંગની દુકાને લાઈનમાં ! પુરુષને તો પોતે ભલો ને ઓફિસ ભલી. બીજી લપ્પનછપ્પન જ નહીં ને !

ગયા શુક્રવારે છોકરાંને દાકતરને ત્યાં લઈ જતાં તમે રસ્તામાં મનુ મળેલો, એ એણે મને કહ્યું, હું પૂછું છું કે છોકરાંને દાતર પાસે લઈ જવાનું કામ કોનું છે ? તારું કે એના બાપનું ? એ કામ પણ એણે તારા ઉપર નાખી દીધું છે ! વળી દાકતરે લખી આપેલી બાટલી દવાવાળાને ત્યાંથી તારે જ લાવવાની હશે. વરે કહી દીધું હશે કે 'ભેગાભેગી લેતી જ આવજે ને !'

હા, હા, હવે રહેવા દે ! હું બધુંય જાણું છું. ગયે મહિને તારી સાસુ આવ્યાં ત્યારે સ્ટેશને તેડવા અને પાછાં જતી વખતે ટિકિટ રિઝર્વ કરાવવા તારે જ જવું પડ્યું હતું ને ? તારા વરના પગ શું ભાંગી ગયા હતા ? તું જ કહેતી'તી કે એમને કહ્યું કે, 'બૈરાંની લાઈન જુદી હોય, એટલે જલદી ટિકિટ મળી જાય. વાહ, બૈરાંનો આવો ફાયદો તે લેવાતો હશે ! શરમ આવતી જોઈએ આવા વરોને !'

કયારેક તમારા કામનાં વખાણ કરી તમને ચડાવે, અને તમેય પાછા કાળજાંનાં કાચાં, એટલે ફુલાઈને ફાળકો થઈ જાઓ ! હું કહું છું, આમ એકધારો ઢસરકો કરીશ તો માંદી પડીશ, તબિયત હાથથી જશે. હા, સમયસર ચેતવું છું તને... બાકી... મારે શું ?

નળમાં પાણી ચડતું ન હોય, ત્યારે ભોંયતળિયેથી પાણી તારે જ લઈ આવવું પડે છે ને? હું બધુંય જાણું છું... એમાં તો શરમ આવે ને એમને પાછી ! ઘાટી ન આવ્યો હોય અને હાથે કામ કરવાનું હોય, ત્યારે તમારા વરોને મદદ કરી છે તમને ? પાછા ઉપરથી કહેશે, 'આ બૈરાં વ્યાયામ નથી કરતા, એટલે એમનાં શરીર બેડોળ થઈ જાય છે!' અરે, બૈરાંની સરખામણીમાં એક દિવસ પણ કામ થશે તમારાથી ! સવારના ઊઠતાંવેંત ચાપાણીથી માંડીને શાક સમારવું, રસોઈ કરવી, પાણી ગરમ કરવું, કપડાં પલાળવાં, છોકરાંને નવરાવવાં - તૈયાર કરવાં - જમાડવાં, અજીઠવાસ ઉસેડવો... બપોરના પણ પાછું અનાજ સાફ કરવું, ફાટેલ તૂટેલ સાંધવું વગેરે કામોની તો જાણે લંગાર લાગી હોય છે બૈરાંને ! એમાં પાછાં અથાડાં - પાપડ જુદાં.

આ તો રોજની રામાયણ. આટલાં કામ જાણે ઓછાં હોય તેમ તમે જાણે ઊઠીને જ બહારનાં કામ પણ તમારી ઉપર લઈ લીધા, એ મૂર્ખાઈ નહીં તો બીજું શું? બળ્યો એવો સુધારો ! અરે, એક ઓરડીમાંથી કચરો કાઢવાનું જ કહી જુઓને તમારા વરને - નાકે દમ ન આવી જાય તો કહેજો મને !

મને પૂછો તો બહારનાં બધાં કામ પુરુષોને માથે જ હોવા જોઈએ. મારું કહેવું હમણાં ભલે ખોટું લાગે તમને, પણ તમારા વર આળસુ થતા જાય છે એની એક દિવસ બરાબર ખબર પડશે તમને. ઘરનાં તથા બહારનાં બધા કામો બૈરી ઉપર નાખી પોતે તૈયાર ભાણે બે વાર જમવું, ચાર વાર ચા ઢીંચવી અને ફક્કડરામ થઈને ભટકવું, પાનાં રમવાં અથવા સિનેમા જોવા - આ તેમનો ધંધો !

તમારા વરો કેટલી રજા ભોગવે છે એનો ખ્યાલ છે તમને ? જરા હિસાબ તો કરો ! વરસના બાવન અરધા શનિવાર, બાવન રવિવાર, બાવીસ તહેવારો, પંદર દિવસની અમસ્તી અને દર મહિને મહિનાની હકની રજા - કેટલી થઈ, ખ્યાલ આવે છે? રજાને દિવસે કે એણે ઑફિસમાંથી ગાબડી મારી હોય ત્યારે બૈરી જો વિચાર કરે કે, લાવો આજે એ ઘરે છે તો છોકરાં એમને સોંપી, હું મારા સગાંને કેટલાય દિવસથી મળી નથી તે મળી આવું. પણ એ તો ના જ પાડી દેવાના ! અને તમે મહિને ત્રણ દિવસ જે રજા પામતાં, તે રજાયે સુધારો ગણીને તમે તમારી મેળે જ ગુમાવી. આ તમારી મૂર્ખામી નહીં તો શું ? સુવાવડમાં પણ આગળ પાછળ થઈને ત્રણ મહિનાની આરામ કરવાની રજા તમને મળતી અને તેય દર દોઢ-બે વરસે. પણ આજકાલ આ નવું ભૂત ચાલ્યું છે ને છોકરાં ન થવા દેવાનું ! એટલે એ રજા પ તમે ગુમાવો છો. ઈશ્વરે આપેલી આ રજાઓ પણ તમારા વરો તમને લેવા દેતા નથી. દેવ નહીં, ધરમ નહીં, પાળવું નહીં, પારણું નહીં, છોકરાં ઉછેરવાની ત્રેવડ નહીં - ત્યારે આ બધા પુરુષો છે શા માટે ?

આટલું જાણે ઓછું હોય તેમ, નોકરી કરીને તમારે પૈસા કમાવા જોઈએ એવો ઉપરથી એમનો આગ્રહ. છોકરાંની ફી, પાઠ્યપુસ્તકો, મોંઘવારી વગેરે કારણો આગળ ધરીને પાછા દલીલ કરશે કે, 'નહીં તો ભણતરનો ઉપયોગ શો ? બધું ભણેલું તું ભૂલી જઈશુ !' વગેરે. અને તમે સૌ રહ્યાં કાચા કાનનાં, એટલે એયને માંડ્યા નોકરીઓ કરવા ! આજકાલ જયાં જુઓ ત્યાં બધે નોકરીઓમાં તો બૈરાં જ. એટલે જ આજકાલ સૌને દરવાજે તાળાં લટકતાં હોય છે !

કહેવાની મતલબ એ કે નોકરી છોડો અને ઘર સંભાળો. આ તો મારાથી નથી રહેવાતું એટલે કહું છું.

- nehalgadhavi101@gmail.com

# અટલજી જતાં ગરિમાપૂર્ણ રાજનીતિનો એક યુગ આથમ્યો



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

બસ, નામ લ્યો અને વિરાટ વ્યક્તિત્વને વંદન કરનારાઓમાં સત્તાપક્ષ અને વિપક્ષના નેતાઓ અને કાર્યકર્તાઓ પણ કતાર લગાવે. કોઈ હોદ્દા કે વિશેષણોની એમને જરૂર નથી. એ વડાપ્રધાન બન્યા, ત્રણ-ત્રણ વખત, પણ કવિહૃદય સંવેદનાને સ્થાને લુચ્ચાઈ કે ખંધાઈને એમણે નજીક ફરકવા પણ દીધી નહોતી. અટલ બિહારી વાજપેયી નામ લ્યો એટલે પૂરતું છે. ૯૩ વર્ષની વયે એમના નિધને જે ખાલીપો ભારતીય રાજકારણ અને સાહિત્યકારણમાં સર્જ્યો એ ક્યારેય ભરાય એવો નથી.

**ગ્વાલિયરના સામાન્ય પરિવારમાં ઉછેર**

ગ્વાલિયરના પંડિત કૃષ્ણ બિહારી અને શ્રીમતી કૃષ્ણાદેવીનાં સાત સંતાનોમાંથી અટલ બિહારી ક્યારેક વડાપ્રધાન બનશે એવી તો કોઈએ કલ્પના કરી નહોતી. હા, વડાપ્રધાન નેહરુએ અટલજી લોકસભામાં પહેલીવાર ૧૯૫૭માં ચૂંટાઈ આવ્યા અને પહેલીવાર તેમણે ભાષણ કર્યું, ત્યારે પ્રભાવિત વડાપ્રધાન નેહરુએ એમને શાબાશી આપી એટલુંજ નહીં તેઓ એક દિવસ વડાપ્રધાન થશે,એવી ભવિષ્યવાણી કરી હતી. વાજપેયી પરિવાર મૂળ ઉત્તરપ્રદેશના આગ્રાના બટેશ્વરનો. અટલજીના પિતામહ પંડિત શ્યામલાલ જીવ્યા ત્યાં લગી બટેશ્વરમાં જ રહ્યા,પણ પુત્ર કૃષ્ણ બિહારીને ગ્વાલિયરમાં વસવાની સલાહ આપેલી.પંડિત કૃષ્ણ બિહારી અધ્યાપક હતા અને સાથે જ કવિ પણ.સંસ્કૃતના જાણીતા વિદ્વાન પણ.ગ્વાલિયર રાજદરબારમાં પણ એમનું માનપાન હતું.એમનાં સંતાનોમાં ચાર પુત્રો અવધ બિહારી, સદા બિહારી, પ્રેમ બિહારી અને અટલ બિહારી ઉપરાંત ત્રણ દીકરીઓ વિમલા, કમલા અને ઉર્મિલા.

અટલજીના શાળાના પ્રમાણપત્રમાં તેમની જન્મતારીખ ૨૫ ડિસેમ્બર ૧૯૨૬ નોંધાઈ છે,પણ એ વર્ષ ૧૯૨૪માં ૨૫ ડિસેમ્બરે એટલેકે નાતાલના દિવસે ગ્વાલિયરમાં ખ્રિસ્તી દેવળની નજીક આવેલા શિંદે(સિંધિયા) છાવણીમાં જન્મ્યાનું સ્વીકારાય છે. નાનકડા ઘરમાં સંસ્કૃતનાં ઘણાં પુસ્તકો રહેતાં.બાળક અટલ બિહારીને એ વાંચવાની તક મળી.સાથે જ કાવ્યરચના કરવાની પણ. અટલજીએ બી.એ. ગ્વાલિયરની વિક્ટોરિયા કૉલેજ (હવેની લક્ષ્મીબાઈ કૉલેજ)માંથી કર્યું. કોલેજમાં વિદ્યાર્થી સંઘના મંત્રી અને ઉપાધ્યક્ષ પણ રહ્યા.અધ્યક્ષ તરીકે કોલેજના અધ્યાપક રહેતા.અલાહાબાદ વિશ્વવિદ્યાલયમાં વક્તૃત્વસ્પર્ધામાં નિર્ણાયક તરીકે કવિ હરવંશરાય બચ્ચન હતા ત્યારે વાજપેયીને પ્રથમ પુરસ્કાર પ્રદાન કરાતાં વક્તા તરીકે તેમની હોંશ વધી.કાનપુરની ડી.એ.વી.કોલેજમાંથી એમણે રાજ્યશાસ્ત્રમાં એમ.એ. કર્યું.એ પછી એલ.એલ.બી. કરવા સેવાનિવૃત્ત પિતાની સાથે જ એકજ વર્ગમાં ભણવા ગયા તો ખરા પણ સંઘના કામને કારણે એ અડધેથી છોડી દીધું.

**વાજપેયીનું પત્રકારત્વમાં યોગદાન**

સંઘના વરિષ્ઠ પ્રચારક અને જનસંઘના સંસ્થાપક મહામંત્રી તેમજ પાછળથી અધ્યક્ષ બનેલા પંડિત દીનદયાળ ઉપાધ્યાય અટલજીને ૧૯૪૬માં લખનઉ લઈ ગયા.ત્યાં ''રાષ્ટ્રધર્મ''ના પ્રથમ સંપાદક નિમાયા. એમના પરિશ્રમ થકી ''રાષ્ટ્રધર્મ'' રાષ્ટ્રીય સ્તરે મશહૂર થયું. ૧૯૪૮માં કૉંગ્રેસની પ્રદેશ સરકારે એને સીલ કરી દીધું. અદાલતના આદેશથી મે ૧૯૪૮માં તાળાં ખુલી ગયાં. અહીં અટલજીએ ''સ્વદેશ દૈનિક'' શરૂ કર્યું,પણ પાંચ અંક નીકળ્યા ત્યાંજ એના કાર્યાલયને પણ સીલ કરી દેવાયું.પછી એ કાશી ગયા.કાશીથી એમના સંપાદકપદે સાપ્તાહિક ''ચેતના'' શરૂ થયું. એ પછી ''પાંચજન્ય'' શરૂ થયું અને અટલજીને એના સંપાદક બનાવવામાં આવ્યા. અટલજીએ પોતાના પત્રકારત્વનાં વર્ષોમાં રાષ્ટ્રીય મહત્વના અને દેશ-વિદેશના જે વિષયો પર લેખો લખ્યા એ આજે પણ વાંચીએ તો તાજા જ લાગે.અટલજીનું વ્યક્તિત્વ સદાય અભ્યાસપૂર્ણ અને ચિંતન સાથેનાં લખાણો લખવા માટે જાણીતું હતું.એમનાં ભાષણોમાં પણ પૂર્વતૈયારી અને મૌલિક ચિંતન હંમેશ અનુભવાતું રહ્યું છે.

**લખનઉ રાજકારણમાં પ્રવેશનું નિમિત્ત**

અટલજી સંઘના પ્રચારક હતા. ૧૯૪૬માં પંડિત દીનદયાળ ઉપાધ્યાય અટલજીને લખનઊ લઈ ગયા અને ''રાષ્ટ્રધર્મ''ના પ્રથમ તંત્રી નિયુક્ત કર્યા. ''વીર અર્જુન'' અને ''સ્વદેશ'' જેવાં દૈનિકો અને ''પાંચજન્ય'' સામયિકના તંત્રીપદને એ સંભાળી ચુક્યા હતા.વર્ષ ૧૯૫૫માં વડાપ્રધાન નેહરુનાં બહેન શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે લોકસભામાંથી રાજીનામું આપ્યું એટલે તેમની લખનઊ બેઠક ખાલી પડી.અટલજીને જનસંઘના ઉમેદવાર બનાવાયા.ટાંચાં સાધનોને લીધે ચૂંટણી હાર્યા તો ખરા,પણ ૧૯૫૭ માટેનું રિહર્સલ થઈ ગયું.બે વર્ષ પછી એ લોકસભામાં આવ્યા.એ વેળા જનસંઘના માત્ર ચાર જ સભ્યો ચૂંટાયા હતા અને એ ચારેય કયારેય વિધાનસભા કે બીજી કોઈ ચૂંટણી જીત્યાના અનુભવ વિનાના કોરી સ્લેટ સાથે આવ્યા હતા.સંસદમાં અંગ્રેજીમાં બોલવાની પરંપરાથી ભિન્ન અટલજી તો હિંદીમાં બોલતા થયા.નેહરુ પણ અંગ્રેજીની સાથે હિંદીમાં અટલજીએ ઉઠાવેલા મુદ્દાઓનો ઉત્તર વાળતા થયા.વાજપેયીએ પછી તો સંયુક્ત રાષ્ટ્રમાં પણ હિંદીમાં બોલવાનું પસંદ કર્યું એટલે અંગ્રેજીમાં બોલવા ટેલીપ્રોમ્પ્ટર રાખવાની એમને ક્યારેય જરૂર જણાઈ નહીં. વિદેશનીતિ એમનો રસનો વિષય રહ્યો અને એ બાબતમાં એ પોતાના મૌલિક વિચારો સંસદમાં રજૂ કરતા રહ્યા.જનસંઘની નીતિ શરૂઆતથી જ ઈઝરાયલ સાથે રાજદ્વારી સંબંધો સ્થાપવાની રહી,પણ છેક નરસિંહરાવના શાસનકાળ દરમિયાન એ શક્ય બન્યું.પાકિસ્તાન અને ચીન સાથે પણ સંબંધ સુધારવાની દિશામાં અટલજી છેક તેમના વડાપ્રધાનકાળ સુધી સક્રિય રહ્યા.

**સત્તાસંઘર્ષ સ્વના પક્ષ સાથે જ**

''સત્તાનો સંઘર્ષ વિરોધપક્ષવાળા સાથે સાથે નહીં, પણ પોતાના પક્ષવાળાઓ સાથે જ લાગે છે.પદ અને પ્રતિષ્ઠાને જાળવવા માટે તોડ-ફોડ અને બાંધછોડનાં કાંઠાંકબાડાં જરૂરી બની જાય છે.નીડરતા અને સ્પષ્ટ વાત કરવાનું જોખમી બની ગયું છે.આત્માને કચડીને જ આગળ વધી શકાય છે.'' ''હું જે રાજકીય પક્ષ સાથે જોડાયેલો છું એ પણ આવાં દૂષણોથી મુક્ત નથી.એમાં પણ એવા લોકોની સંખ્યા વધી રહી છે જે હલકી ટીકા કરવામાં વધુ રસ લે છે.વિરોધીની પ્રામાણિકતા વિશે શંકા વ્યક્ત કરવાને પોતાનો અધિકાર સમજે છે.'' ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી રહેલા માધવસિંહ સોલંકી જયારે દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી હતા

**અનુસંધાન પાના નં ૭ પર**